ચીખલીમાં બે આખલા વચ્ચે લોહીયાળ જંગ

ધર્મેશ પટેલ

■ ધેજ : ચીખલીના રાજમાર્ગ પર બુધવારની બપોરના સમયે બે આખલાઓ વચ્ચે લોહીયાળ જંગ થતા અફરાતફરી મચી જવા પામી હતી. જોકે સ્થાનિકોએ પાણીનો મારો ચલાવતા અડધો કલાક બાદ આંખલા યુધ્ધ શાંત પડ્યું હતું. ચીખલીની જૂની ટેલિફોન એક્ષચેન્જ પાસે જાહેર માર્ગ ઉપર બુધવારે બપોરે બે આખલાઓ વચ્ચે હિંસક લડાઈમાં બંને આખલાઓ ગંભીર રીતે ઇજાગ્રસ્ત થતા કપાળના ભાગેથી લોહીલુહાણ હાલતમાં પણ આ પશુઓનું યુધ્ધ ચાલુ જ રહેતા રસ્તા પરથી પસાર થતા લોકોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો. આ લડાઈ જાહેર માર્ગની વચ્ચે ચાલી રહી હોવાથી એક તરફનો વાહનવ્યવહાર થંભી ગયો હતા. અને વાહનોની લાંબી કતારો લાગી જવા પામી હતી. આખલાઓને શાંત પાડવા લોકોએ પાણીનો મારો ચલાવ્યો હતો. પરંતુ આખલાઓ એકબીજાને છોડવા તૈયાર ન હોય અંતે સતત પાણીના મારો ચલાવતા અડધા કલાકની જહેમત બાદ બન્ને આખલાઓ છૂટા પડ્યા હતા. જોકે અગાઉ પણ ચીખલી પંથકમાં અવાર નવાર જાહેર માર્ગ ઉપર આંખલાઓ લડાતા ઘરના રસોડા સુધી પહોંચી ગયા સદનસીબે કોઈ જાનહાનિ થવા પામી ન હતી. ચીખલી પંથકમાં જાહેર માર્ગ ઉપર રખડતા ઢોરો અડિંગો જમાવી બેસી રહેતા ઘણીવાર ટ્રાફિકને અડચણ રૂપ રહેતા હોય ત્યારે કોઈ નિર્દોષનો જીવ પણ લઈ શકે છે.

ગેરકાયદે બાંધકામથી પાણીના વહેણમાં અવરોધનો ખતરો

પોસરા માઈનોર પર બિલ્ડરોના કબજાથી ચોમાસામાં સંકટની ભીતિ

ગેરકાયદે દબાણ, ભરાવટ અને પ્રદૂષણના ગંભીર મુદ્દાઓ સામે આવ્યા

નવસારી : જલાલપોર તાલુકાના વાડા ગ્રામ પંચાયત વિસ્તારમાં આવેલી પોસરા માઈનોર અને તેની બોરોફિટ વિસ્તારમાં ગેરકાયદે દબાણ, ભરાવટ અને પ્રદૂષણના ગંભીર મુદ્દાઓ સામે આવ્યા છે. પ્રાપ્ત માહિતી અનુસાર કેટલાક બિલ્ડરો દ્વારા સરકારી જમીન પર ગેરકાયદે રીતે કબજો કરી બાંધકામ કરવામાં આવી રહ્યું છે, જેના કારણે માઈનોરના પાણીના સ્વાભાવિક વહેણમાં અવરોધ ઊભો થવાનો ખતરો ઉભો થયો છે.

વિગતો મુજબ, અલખતીજા રેસીડેન્સી પ્રોજેક્ટ દ્વારા ભૂંગળા તથા અન્ય સામગ્રી નાખી ગેરકાયદે ભરાવટ કરવામાં આવી રહી છે અને સાથે જ ગંદા પાણીનો નિકાલ કરવામાં આવતા વિસ્તારમાં પ્રદૂષણ અને દુર્ગંધ ફેલાઈ રહી છે. બીજી તરફ ટ્વીનસિટી ઈન્ડસ્ટ્રીયલ પાર્ક-2 પ્રોજેક્ટ દ્વારા માઈનોરની કુદરતી દિશામાં RCC રોડ બનાવી પાણીના વહેણમાં સીધી અડચણ ઊભી કરવામાં આવી હોવાનું સામે આવ્યું છે. આ ઉપરાંત કોલાસણા ગ્રામ પંચાયત વિસ્તારમાં આવેલ માનસરોવર પ્રોજેક્ટ દ્વારા પણ બોરોફિટ વિસ્તારમાં દબાણ કરાયું હોવાનું જાણવા મળ્યું છે.

આ તમામ પ્રવૃત્તિઓને કારણે પોસરા માઈનોરના પાણીના વહેણમાં ગંભીર અવરોધ સર્જાયો છે. ખાસ કરીને આવનારી વરસાદી મોસમ દરમિયાન પાણી ભરાવાની સ્થિતિ ઊભી થઈ શકે છે, જેના કારણે આસપાસના ખેતરો, રસ્તાઓ અને રહેણાંક વિસ્તારોને નુકસાન થવાની ભીતિ વ્યક્ત થઈ રહી છે.

મામલતદારને લેખિત રજૂઆત કરી કાર્યવાહી કરવાની માંગ

આ મામલે એક જાગૃત નાગરિક દ્વારા મામલતદારને લેખિત રજૂઆત કરી તાત્કાલિક તપાસ કરી ગેરકાયદે દબાણ દૂર કરવા તેમજ જવાબદાર સામે કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે. હવે સ્થાનિકોમાં એક જ સવાલ ચર્ચાઈ રહ્યો છે કે તંત્ર સમયસર કાર્યવાહી કરશે કે પછી વરસાદી મોસમમાં નુકસાન બાદ જ જાગશે.

સરીગામની ચંદન સિન્થેટિક કંપનીને GPCBની ક્લોઝર

ખતલવાડામાં ખુલ્લી જમીનમાં કેમિકલ વેસ્ટ ભરેલા ડ્રમો ઠાલવવાના પ્રકરણમાં કાર્યવાહી

ઉમરગામ : સરીગામની ચંદન સિન્થેટિક કંપનીને GPCBએ ક્લોઝર અને ઈડીસી નોટિસ ફટકારી છે. ખતલવાડાની જમીનમાં કેમિકલ વેસ્ટ ભરેલા ડ્રમ ઠાલવવા પ્રકરણમાં કાર્યવાહી કરવામાં આવી છે.

ખતલવાડા વંકાછ રોડ ઉપર ખુલ્લી જગ્યામાં કેમિકલ વેસ્ટ ભરેલા ડ્રમો ઠાલવવામાં આવતા સ્થાનિકોએ પોલીસ તથા જીપીસીપીમાં જાણ કરી હતી. જાહેર આરોગ્ય અને પર્યાવરણને નુકસાન કરનાર બેદરકારી દાખવનાર સામે પગલા ભરવા સ્થાનિકોમાં માંગ ઉઠી હતી. આ ડ્રમ કેમિકલ વેસ્ટ કોણ ઠાલવી ગયું ? કઈ કંપનીનું છે તે પ્રકરણમાં સરીગામ જીપીસીપીના અધિકારી ભદ્રેશ પટેલ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી.

આ સમગ્ર પ્રકરણમાં સરીગામ જીઆઇડીસીમાં આવેલી ચંદન સિન્થેટિક એન્ડ પોલીમર કંપનીનુ નામ બહાર આવતા વળી કચેરીએ રિપોર્ટ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ગઈકાલે આ કંપનીને જીપીસીપીએ ક્લોઝર નોટિસ એડીસી નોટિસ ફટકારી છે. અને વીજ કનેક્શન તથા પાણી કનેક્શન કાપી નાખવા સંબંધિત કચેરીને જાણ કરી હતી.

વાપીમાં વેપારીની કારમાંથી પાંચ હજાર ચોરનાર તસ્કરને ત્રણ વર્ષની કેદ

ગિરનાર ખુશ્બૂ પ્લાઝા કોમ્પલેક્સમાં ૨૦૨૧માં પાર્ક કરેલી ક્રેટાના ટાયરમાં પંચર કરી પાંચ હજારની ચોરી કરી હતી

વાપી : વાપી જીઆઈડીસીની ગિરનાર ખુશ્બૂ પ્લાઝા કોમ્પલેક્ષમાં પાંચ વર્ષ પહેલા કારમાં પંચર પાડીને કારની અંદરથી પાંચ હજારની ચોરી કરનાર આરોપીને વાપીની કોર્ટે ત્રણ વર્ષની કેદની સજા તેમજ દંડ ફટકારતો હુકમ કર્યો હતો.

આ કેસની વિગત એવી છે કે, વાપી જીઆઈડીસીમાં ગિરનાર ખુશ્બૂ પ્લાઝા કોમ્પલેક્ષમાં ૫ માર્ચ ૨૦૨૧ના રોજ કાપડના વેપારી જાહીદ અહેમદ શકીલ ખાનની પાર્ક કરેલી ક્રેટા કારના ડાબા ટાયરને કાપી નાંખી બે અજાણ્યા ઇસમોએ વેપારી જાહીદ ખાનને કહેલું કે તમારુ ટાયર પંચર થઈ ગયું છે. તે સમયે બે ઈસમો કારમાંથી ૨૫૦૦થી ૫૦૦૦ જેટલી રકમની ચોરી કરી હતી.

કારના ટાયરને પણ ચારેક હજારનું નુકસાન થયું હતું. આ આરોપી મૂળ તામિલનાડુનો નવાપુર રહેતો હાલ અંકલેશ્વર તાલુકાના પાનોલી સંજેલી ગામમાં રહેતા સતીવેલ ઉર્ફે શક્તિ ગાવિંદ નાયડુને પોલીસે ઝડપી પાડ્યો હતો. આ કેસમાં આરોપીની ગેરહાજરીમાં ટ્રાયલ ચાલી હતી. વાપીના સેકન્ડ એડિશનલ સિનિયર સિવિલ જજ અને એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ આઈ.આઈ.પઠાણે આરોપી સતીવેલ ઉર્ફે શક્તિ ગોવિંદા નાયડુને ચોરીના ગુનામાં ત્રણ વર્ષની કેદની સજા તેમજ પાંચ હજારનો દંડ અન્ય કલમોમાં બે વર્ષની કેદની સજા અને પાંચ હજારનો દંડની સજા કરતો હુકમ કર્યો હતો.

જો દંડની રકમ ન ભરે તો એક માસની કેદની સજાનો હુકમ કર્યો હતો. બધી સજા આરોપીએ એકી સાથે ભોગવવાની રહેશે. સરકાર તરફે એપીપી એચ.ટી.પટેલે દલીલો કરી હતી જેને કોર્ટે ગ્રાહ્ય રાખી સજાનો હુકમ કર્યો હતો.

વાપી પીડબ્લ્યુડી ઓફિસ ચાર રસ્તા પર મૂકેલી આડશ હટાવાઇ

■ વાપીમાં ફ્લાય ઓવરબ્રિજની ચાલતી કામગીરીને લઈ પીડબ્લ્યુડી ઓફિસ ચાર રસ્તાથી સેલવાસ તરફ જતા માર્ગ પર પીલ્લરનું ખોદકામ બાદ કામગીરી ચાલી રહી છે. જે કામગીરીને લઈ એકતરફી માર્ગ બનાવાયો હતો અને ચાર રસ્તા પર લોખંડની આડશ મૂકવામાં આવી હતી. જેને લઈ વાહનચાલકો પરેશાન બન્યા હતાં. આ અંગે સતસવીર અહેવાલ 'ગુજરાતમિત્ર'માં પ્રકાશિત થયા બાદ જવાબદાર વિભાગ દ્વારા લોખંડની આડશ હટાવી લેવામાં આવી છે જેને લઈ વાહનચાલકોને મોટી રાહત થવા પામી હતી.

આરક સિસોદ્રા પાસે લક્ઝરી પલટી જતાં ૫ મુસાફર ઘાયલ

સામે આવતાં વાહનને બચાવવાના પ્રયાસમાં બસ અનિયંત્રિત થતાં ડિવાઈડર સાથે અથડાઈ પલટી ગઈ

નવસારીઃ નવસારી નજીક આરક સિસોદ્રા ગામ પાસે મુંબઈથી અમદાવાદ જતી ખાનગી લક્ઝરી બસ અચાનક સામે આવતાં વાહનને બચાવવાનો પ્રયાસ કરતી વખતે અનિયંત્રિત બની ગઈ અને જોરદાર ધડાકા સાથે ડિવાઈડર સાથે અથડાઈ પલટી ખાઈ ગઈ હતી.

અકસ્મતમાં બસમાં સવાર પાંચ મુસાફરોને ઈજાઓ પહોંચી હતી. ઘટનાની સાથે જ સ્થાનિકો અને પસાર થતા વાહનચાલકો મદદ માટે દોડી આવ્યા હતા. નવસારી ગ્રામ્ય પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી બચાવ કામગીરી હાથ ધરી હતી. ઈજાગ્રસ્તોને તરત જ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યારે અન્ય મુસાફરોને સલામત રીતે ગંતવ્ય સુધી પહોંચાડવા વૈકલ્પિક વ્યવસ્થા ઉભી કરવામાં આવી હતી.

પ્રાથમિક માહિતી અનુસાર, સામે થી આવેલા વાહનને ટાળવા જતા ચાલકે બસ પરનો કાબૂ ગુમાવ્યો હતો, જેના કારણે બસ ડિવાઈડર સાથે અથડાઈ પલટી ગઈ હતી. ઘટનાએ માર્ગ સુરક્ષા અંગે ગંભીર પ્રશ્નો ઉભા કર્યા છે.

ઉલ્લેખનીય છે કે આરક સિસોદ્રા વિસ્તાર લાંબા સમયથી અકસ્માતપ્રવણ 'બ્લેક સ્પોટ' તરીકે ઓળખાઈ રહ્યો છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ અહીં વારંવાર અકસ્માતો બનતા હોવા છતાં તંત્ર દ્વારા પૂરતી સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી નથી. હવે સ્થાનિકોમાં ભારે રોષ ફેલાયો છે અને માંગ ઉઠી રહી છે કે આ વિસ્તારમાં તાત્કાલિક સ્પીડ કંટ્રોલ, ચેતવણી બોર્ડ અને ટ્રાફિક નિયંત્રણની કડક વ્યવસ્થા અમલમાં મુકવામાં આવે, જેથી આવનારા સમયમાં નિર્દોષ લોકોના જીવ જોખમમાં ન મુકાય.

વાંસદામાં ગેરકાયદે વટાળ પ્રવૃત્તિ ચાલતી હોવાની પોલીસ ફરિયાદ

સ્થાનિકોએ ગંભીર આક્ષેપ સાથે પોલીસમાં લેખિત ફરિયાદ આપી જવાબદારો વિરુદ્ધ કાર્યવાહીની માંગ કરી

વાંસદા : વાંસદા તાલુકાના સરા ગામમાં નિવૃત્તિ સન્માન સમારોહની આડમાં ગેરકાયદે વટાળ પ્રવૃત્તિ ચાલી રહી હોવાનો ગંભીર આક્ષેપ ગ્રામજનો દ્વારા કરવામાં આવ્યો છે. આ બાબતે સ્થાનિકોએ એકઠા થઈ વાંસદા પોલીસ મથકે લેખિત ફરિયાદ આપી જવાબદારો વિરુદ્ધ કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે.

ફરિયાદ મુજબ, ગત તારીખ 24-03-2026 ના રોજ સાંજે સરા ગામે CRPF ના નિવૃત્ત જવાન કમલેશભાઈ પટેલના સન્માન સમારોહનું આયોજન કરાયું હતું. આરોપ છે કે, કોઈપણ પૂર્વ પરવાનગી વગર આ કાર્યક્રમમાં પરપ્રાંતિય પાસ્ટરો અને અન્ય સહયોગીઓ દ્વારા આદિવાસી સમાજને પ્રલોભિત કરી ખ્રિસ્તી ધર્મના પ્રચાર-પ્રસારની પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી. આ પ્રવૃત્તિમાં બાલાસિંગ દુરાઈ રાજ, પાસ્ટર દાનિયેલ શિંદે અને અન્ય સ્થાનિક સહયોગીઓની સંડોવણી હોવાનું જણાવાયું છે. સરા સહિત આસપાસના કેવડી, મહુવાસ, કાળાઆંબા જેવા ગામોની ભોળી પ્રજાને નિશાન બનાવવામાં આવતા આદિવાસી સમાજમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ગ્રામજનોનું કહેવું છે કે, આવી પ્રવૃત્તિઓને કારણે ગામમાં આપસી વેરભાવ વધી રહ્યો છે અને શાંતિ જોખમાઈ રહી છે.

ગણદેવી તાલુકામાં મતદાર યાદી જાહેર : 1.38 લાખ મતદાર નોંધાયા

તાલુકા પંચાયતની ૨૪, જિલ્લા પંચાયતની ૬, નગરપાલિકાના ૬ વોર્ડની ૨૪ બેઠકો માટે ચૂંટણીની તડામાર તૈયારીઓ શરૂ

બીલીમોરાઃ રામનવમીના પર્વ બાદ ચૂંટણી જાહેર થવાની સંભાવનાઓ વચ્ચે વહીવટી તંત્ર દ્વારા ગણદેવી તાલુકામાં અંતિમ મતદાર યાદી જાહેર કરવામાં આવી છે. મતદાર યાદી જાહેર થતાં જ રાજકીય પક્ષો અને ચૂંટણી વાંચ્છુકોમાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે.

રાજ્ય ચૂંટણી વિભાગ દ્વારા અગાઉ સીમાંકન અને અનામત કેટેગરી જાહેર કર્યા બાદ હવે અંતિમ મતદાર યાદી સાથે બૂથ લેવલની વિગત પણ જાહેર કરવામાં આવી છે. ગણદેવી તાલુકામાં તાલુકા પંચાયતની ૨૪ અને જિલ્લા પંચાયતની ૬ બેઠક માટે કુલ ૧,૩૮,૮૩૦ મતદારો નોંધાયા છે. જેમાં ૬૯,૩૬૭ પુરુષ, ૬૯,૪૬૨ મહિલા અને ૧ અન્ય મતદારનો સમાવેશ થાય છે.

ગણદેવી તાલુકાના ૬૫ ગામોમાં કુલ ૧૭૭ મતદાન મથકો નક્કી કરવામાં આવ્યા છે. અહીં પણ ચૂંટણી માટે પક્ષો દ્વારા વ્યૂહરચના ઘડવામાં આવી રહી છે. તે ઉપરાંત ગણદેવી નગરપાલિકાની ૬ વોર્ડની ૨૪ બેઠકો માટે કુલ ૧૧,૫૭૬ મતદારોની યાદી જાહેર કરવામાં આવી છે. જેમાં ૫,૭૪૬ પુરુષ અને ૫,૮૩૦ મહિલા મતદારોનો સમાવેશ થાય છે. શહેરમાં કુલ ૧૫ મતદાન મથકોની વિગત સામે આવી છે. નગરપાલિકા વિસ્તારમાં સ્થાનિક પ્રશ્નોને લઈને ચૂંટણી રસપ્રદ બનવાની શક્યતા છે. વહીવટી તંત્ર દ્વારા મતદાન મથકોની સુવિધા, સુરક્ષા અને વ્યવસ્થાને ધ્યાનમાં રાખીને આગોતરી તૈયારીઓ હાથ ધરવામાં આવી રહી છે. બીજી તરફ વિવિધ રાજકીય પક્ષોએ ચૂંટણી સમિતિઓ જાહેર કરી દીધી છે. સામાજિક સમીકરણોને ધ્યાનમાં રાખીને વ્યૂહરચનાઓ ઘડાઈ રહી છે. આગામી દિવસોમાં ચૂંટણી જાહેર થતાં રાજકીય ગતિવિધિઓ વધુ તેજ બનવાની સંભાવના છે.

માછીમારી કરવા ગયેલા માછીમારનું બોટમાં શંકાસ્પદ મોત

વલસાડ : વલસાડના કાંઠા વિસ્તાર દાંતી કકવાડી ગામની બોટમાં દરિયામાં માછીમારી કરવા ગયેલા એક આધેડ માછીમારનું શંકાસ્પદ હાલતમાં મોત નિપજ્યું હતું. તેમનો મૃતદેહ કેબિનમાંથી મોઢામાંથી લોહી નિકળેલી હાલતમા મળી આવ્યો હતો. પોલીસે આ ઘટનાની તપાસ હાથ ધરી છે. પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત મુજબ, ધરમપુરના નાની વહિયાળ ગામે રહેતા મુકેશભાઈ શંકરભાઈ પટેલ (ઉં.54) ગત સપ્તાહ દરમિયાન માછીમારી માટે કકવાડી ગામની હરીપ્રસાદ નામની બોટમાં કકવાડી મેથિયા ફળિયા ખાડીમાં ગયા હતાં. ત્યારે ગત તા.24મી માર્ચની સવારે તેમનો મૃતદેહ શંકાસ્પદ હાલતમાં મોં માંથી લોહી નિકળતી હાલતમાં મળી આવ્યો હતો.

દોડતી એસ.ટી.ની બ્રેક ફેલ, ચાલકની ચાતુર્યથી બચ્યા જીવ

નવસારી : વલસાડથી સુરત તરફ દોડતી એસ.ટી. બસની સીમલક નજીક બ્રેક ફેલ થતાં દહેશતનો માહોલ છવાઈ ગયો હતો. જોકે, પરિસ્થિતિને સમજી ચાલકે સમજદારી દાખવી બસને સલામત રીતે સાઇડમાં ઉભી રાખી દીધી હતી. જેથી મોટી દુર્ઘટના ટળી ગઈ અને તમામ મુસાફરોનો જીવ બચી ગયો હતો. પરંતુ ઘટના પછીની સ્થિતિ મુસાફરો માટે ક્ષણ સમય સમાન બની હતી. ધોમધખતા તાપમાં હાઈવે પર અટવાઈ પડેલા મુસાફરોને લાંબા સમય સુધી કોઈ રાહત મળી નહોતી. ખાસ કરીને નાના બાળકો, મહિલાઓ અને વૃદ્ધો માટે આ સ્થિતિ અસહ્ય બની ગઈ હતી.

કરસી બારીયા

બીલીમોરાની આયુર્વેદિક હોસ્પિટલને સારવારની જરૂર

મકાન જર્જરિત બનતા હોસ્પિટલને અન્ય જગ્યાએ ખસેડવાનો આયુષ નિયામકનો પત્ર

આયુર્વેદિકની સારવાર લેતાં દર્દીઓની સારવાર અટકી જવાના સંજોગો ઊભા થયા

બીલીમોરા : બીલીમોરાની આયુર્વેદિક હોસ્પિટલના જર્જરિત મકાનને કારણે હોસ્પિટલનુ સ્થળાંતર કરી સલામત સ્થળે ખસેડવા ગુજરાત રાજ્ય ગાંધીનગરના આયુષ નિયામકના આવેલા પુત્રથી આયુર્વેદિકની સારવાર લેતા દર્દીઓની સારવાર અટકી પડવાના પૂરેપૂરા સંજોગો ઊભા થયા છે. જેણે કારણે ગરીબ અને મધ્યમ વર્ગના દર્દીઓને પરેશાની ભોગવવી પડશે.

બીલીમોરાના જુના બંબાખાના ખાતે કાર્યરત સરકારી આયુર્વેદિક હોસ્પિટલના અત્યંત જર્જરિત બની ગયેલા મકાનને કારણે હોસ્પિટલનું સ્થળાંતર કરવા આયુષ નિયામકે પત્ર લખી તાત્કાલિક કાર્યવાહી કરવાનો હુકમ કરતા ગરીબ અને મધ્યમ વર્ગના આયુર્વેદિક સારવાર લેતા લોકો મુસીબતમાં આવી ગયા છે. હાલ હોસ્પિટલ જે મકાનમાં કાર્યરત છે તે ખૂબ જ જર્જરિત છે. મકાન ભયજનક હોવાથી અને આગામી ચોમાસાની ઋતુ નજીક હોવાથી આ મકાન ગમે ત્યારે પડી શકે તેવી સ્થિતિમાં હોવા છતાં આજદિન સુધી કોઈ નક્કર પગલા કે વૈકલ્પિક જગ્યા કે ભાડાના મકાનનો પ્રબંધ કરવાને બદલે કાગળ પર જ ફક્ત કાર્યવાહી કર્યાના આવેલા પત્રથી સ્ટાફ અને દર્દીઓની સુરક્ષા સામે પ્રશ્નાર્થ ઊભો થવા પામ્યા છે. ગુજરાત રાજ્યના આયુષ વિભાગે પત્ર લખી સાત દિનમાં જર્જરિત મકાનને કારણે હોસ્પિટલનું સલામત સ્થળે સ્થળાંતર કરી ગાંધીનગરની કચેરીએ તેની જાણ કરવા કડક સૂચના આપી છે. જો તેમ કરવામાં ચૂક થશે અને જો કોઈ દુર્ઘટના કે જાનહાનિ થશે તો તેની સંપૂર્ણ જવાબદારી કચેરીના વડાની હોવાનું પત્રમા જણાવી શિસ્ત ભંગના પગલાં ભરવાની ચીમકી પણ આપી છે.

ડાંગમાં ટેન્કર પ્રથાને લઈને વિરોધાભાસ, નિવેદન એક, હકીકત બીજી!

ભાષણોમાં 'લાલ ટેન્કર પ્રથા'ને પૂર્ણવિરામનો દાવો, બીજી તરફ ખરીદી

આ વિરોધાભાસી પરિસ્થિતિને કારણે ધારાસભ્યના નિવેદનોની વિશ્વસનીયતા પર પણ સવાલો ઊભા થયા

ટેન્કરોની ખરીદીથી સ્પષ્ટ થાય છે કે પાણીની સમસ્યા હજી યથાવત છે

ગીરીશ ભોયે

સાપુતારા : ઉનાળાની તીવ્ર ગરમી વચ્ચે ડાંગ જિલ્લામાં પાણી પુરવઠાનો મુદ્દો ફરી એકવાર ચર્ચાના કેન્દ્રમાં આવ્યો છે. એક તરફ ડાંગના ધારાસભ્ય વિજય પટેલ તેમના જાહેર ભાષણોમાં ભૂતપૂર્વ સરકારની "લાલ ટેન્કર પ્રથા"ને પૂર્ણવિરામ અપાઈ ગયો હોવાનો દાવો કરી રહ્યા છે, જ્યારે બીજી તરફ હકીકત એવી સામે આવી રહી છે કે વર્ષ 2025-26 અને 2025-26 દરમિયાન તેમની જ ગ્રાન્ટમાંથી પાણીના ટેન્કરોની ખરીદી કરવામાં આવી રહી છે. મળતી માહિતી મુજબ ગ્રામ્ય વિસ્તારોમાં પાણીની ગંભીર સમસ્યાને ધ્યાનમાં રાખીને તાજેતરમાં નવા ટેન્કરો ખરીદવામાં આવ્યા છે. આ પગલાને કારણે રાજકીય તેમજ સામાજિક વર્તુળોમાં ચર્ચા ઉઠી છે કે જો ટેન્કર પ્રથા ખરેખર બંધ થઈ ગઈ હોય, તો નવા ટેન્કરો ખરીદવાની જરૂર શા માટે ઊભી થઈ? સ્થાનિકોમાં પણ પ્રશ્નો ઉઠી રહ્યા છે કે એક તરફ ટેન્કર પ્રથાનો અંત દર્શાવી વિકાસના દાવા કરવામાં આવે છે, જ્યારે બીજી તરફ એ જ પ્રથાને આગળ વધારતા નિર્ણયો લેવાઈ રહ્યા છે. આ વિરોધાભાસી પરિસ્થિતિને કારણે ધારાસભ્યના નિવેદનોની વિશ્વસનીયતા પર પણ સવાલો ઊભા થયા છે. વિશેષજ્ઞોના મત અનુસાર, જો જિલ્લામાં પાણી પુરવઠા માટે કાયમી અને સુવ્યવસ્થિત યોજના અમલમાં મુકાઈ હોત, તો ટેન્કર આધારિત વ્યવસ્થાની જરૂરિયાત જ ન રહેત. ટેન્કરોની ખરીદી એ સ્પષ્ટ કરે છે કે સમસ્યા હજી યથાવત છે અને તંત્ર કાયમી ઉકેલ લાવવામાં નિષ્ફળ રહ્યું છે.

આ સમગ્ર મામલે હવે સ્થાનિક લોકો સ્પષ્ટતા માંગે છે કે ટેન્કર પ્રથા ખરેખર બંધ થઈ છે કે ફક્ત ભાષણોમાં જ સીમિત છે. સાથે જ સરકારી નાણાના ઉપયોગમાં પારદર્શકતા જાળવવાની માંગ પણ તેજ બની રહી છે. ડાંગ જિલ્લાના વિકાસના દાવાઓ વચ્ચે ઊભી થયેલી આ પરિસ્થિતિ તંત્ર માટે વિચારવા જેવી છે અને જવાબદારોએ વહેલી તકે સ્પષ્ટ જવાબ આપવો સમયની માંગ બની છે.

પારડી પાલિકાનું 20.77 કરોડનું પુરાંતવાળું વિકાસલક્ષી બજેટ

કલાકો સુધી ચાલતી સભા વિરોધ પક્ષ નેતાની હાજરીમાં માત્ર 10 મિનિટમાં પૂર્ણ થતાં કોંગ્રેસના સભ્યો આશ્ચર્યમાં

અમૃત પટેલ

પારડીઃ પારડી નગરપાલિકાની ખાસ સામાન્ય સભા પાલિકા પ્રમુખ ચેતન નાયકાના અધ્યક્ષ સ્થાને મળી હતી. સામાન્ય સભામાં મુખ્ય એજન્ડાના કામોમાં 2026-2027 નું રૂપિયા 20 કરોડ 77 લાખ 65,783 ના પુરાંતવાળું વિકાસલક્ષી અંદાજપત્ર સભ્યોએ મંજૂર કર્યું હતું. જે સભા કલાકો સુધી લંબાતી હતી જ્યારે આજે વિરોધ પક્ષ નેતાની હાજરીમાં સભા માત્ર 10 મિનિટમાં વિવાદ વગર પૂર્ણ થતાં કોંગ્રેસના સાથી સભ્યો આશ્ચર્યચકિત થઈ ગયા હતા. આ બજેટમાં પારડી નગરના સર્વાંગી વિકાસને આવરી લેવામાં આવ્યું છે. જેમાં રસ્તા, પાણી, ગટર, લાઈટ રિપેરિંગ કામગીરી આવરી લેવામાં આવી છે.

પારડી પાલિકાના પ્રમુખ ચેતનભાઈ નાયકાના અધ્યક્ષ સ્થાને ચીફ ઓફિસર કોમલબેન ધનૈયા, અધ્યક્ષ ચેતન ભંડારી, બાંધકામ અધ્યક્ષ પ્રણવ દેસાઈ, ટાઉન પ્લાનિંગ ચેરમેન સિરીશ પટેલ, સદસ્ય ભૂમિ પારેખ, વોટરવર્ક ચેરમેન જીગ્નેશ પટેલ, આરોગ્ય ચેરમેન કિરણ પટેલ, જીગ્નેશ માંગેલા, વિરોધ પક્ષના નેતા બીપીન પટેલ, કોંગ્રેસના પરવેઝ તાઈ સાથે ભાજપ અને કોંગ્રેસ બંને પાર્ટીના સદસ્યો અને કર્મચારીઓની ઉપસ્થિતિમાં સામાન્ય સભાની શરૂઆત કરવામાં આવી હતી. જેમાં એજન્ડા પરના કામો લેવામાં આવ્યા હતાં. સદસ્યની રજાના રિપોર્ટ મંજૂર કરવામાં આવ્યા હતા. ત્યારબાદ તારીખ 29-1-2026 ના રોજ મળેલી સામાન્ય સભાની કાર્યવાહી નોંધને સભામાં બહાલી આપવામાં આવી હતી અને આજે 10 મિનિટમાં વાદવિવાદ વગર સંપૂર્ણ સભા પૂર્ણ થઈ હતી. એજન્ડા પર મુખ્ય મુદ્દો અંદાજપત્ર ન હતો. જેમાં ઉઘડતી સિલક રૂા. 25 કરોડ 59 લાખ 73,323 જ્યારે 2026-27ની કુલ આવક 43 કરોડ 46 લાખ 30 હજાર, 513 છે. કુલ બજેટની આવક 59 કરોડ 6 લાખ 03 હજાર 836 છે. જેમાં કુલ ખર્ચ 48 કરોડ 28 લાખ 38 હજાર 053 છે. આમ રૂપિયા 20 કરોડ 77 લાખ 65 હજાર 783 નો પુરાંતવાળુ બજેટ મંજૂર કરવામાં આવ્યું છે. પાલિકા પ્રમુખે જણાવ્યું હતું કે, આ બજેટમાં પારડીના સર્વાંગી વિકાસને આવરી લેવામાં આવ્યું છે.